જન્મશતાબ્દી પુસ્તકમાળા

# મનુષ્યના મૂલ્યાંકનનો આધાર આધ્યાત્મિકતા



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :



ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# મનુષ્યના મૂલ્યાંકનનો આધાર - આધ્યાત્મિકતા

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

આપણે પણ એવા વાંદરા છીએ.

મિત્રો ! મને મથુરાનો એક બનાવ યાદ આવે છે. મથુરામાં એકવાર રામલીલા થઈ રહી હતી. રામલીલામાં કેટલાંક બાળકોને વાંદરા બનાવી દીધાં, કેટલાંકને રીંછ, નલ, નીલ અને હનુમાન. એકને વાંદરાનું બચ્ચું બનાવી દીધું. વાંદરાનું બચ્ચું કેવું હોય છે ? કેવી રીતે બનાવ્યું ? તેમણે વાંદરાનું બચ્ચું એવી રીતે બનાવ્યું કે તે બાળકના શરીર પર રસી ચોપડી દીધી. રસી શેમાંથી બને છે. જાણો છો ? ગોળમાંથી નીકળે છે. બાળકોએ તેના શરીર પર રૂ ચોંટાડી દીધું અને એ બની ગયો વાંદરાનું બચ્ચું. તેને એક પૂંછડી લગાવી દીધી અને તે લંગોટી પહેરીને ઉછળકૂદ કરવા લાગ્યો. સાહેબ , આ રામલીલાનું વાંદરું છે. એકાદ કલાક સુધી તે ઉછળકૂદ કરતો રહ્યો અને પછી જમીન પર પડયો. અરે ! વાંદરાના બચ્ચાંને શું થયું ? તેને ઉંચકીને લઈ ગયા અને પંખો નાંખવા લાગ્યા. વાંદરાનું બચ્ચું બેભાન થઈ ગયું. હવે શું કરવું ? તેને પાણી પાયું, તેમ છતાં ભાનમાં ન આવ્યું. તેની આંખો ફરી ગઈ. આખરે વાંદરાના બચ્ચાને હોસ્પિટલ લઈ ગયા. હોસ્પિટલ માં ડોકટરોએ કહ્યું કે આ તમે શું કરી નાંખ્યું ? કેમ સાહેબ ! આમાં શું તકલીફ થઈ ગઈ ? તેના શરીરમાંથી જે વરાળ નીકળતી હતી, જે પરસેવો નીકળતો હતો, જે શરીરના ઝેરને બહાર કાઢતો હતો તેને તમે શરીર પર રસી લગાવીને અંદર જ રોકી દીધો છે. હવે તો આ બાળક એ ઝેરના કારણે મરી જશે. ડોકટરોએ તરત રૂ દૂર કર્યું અને તેના શરીરને ધોઈને સાફ કર્યું, તો જોયું કે અત્યાર સુધીમાં શરીરમાં એટલું બધું ઝેર ફેલાઈ ચૂકયું હતું કે એને બચાવવાનું સંભવ ન બન્યું. ખૂબ ઇલાજ કરવામાં આવ્યા, પરંતુ એક કલાકમાં એ ઝેરના પરિણામે બાળકનું મોત થઈ ગયું.

## પહેલાં અંદરનું ઝેર તો કાઢો

મિત્રો ! આપની અંદર દોષદુર્ગુણો રૂપે જે ઝેર ભરેલું છે તેની સફાઈની જરૂર છે, તેના નિરાકરણની જરૂર છે, તેને દૂર કરવાની જરૂર છે. જો આપ આ કરી શકો, તો હું આપને વિશ્વાસ આપું છું કે આપને અધ્યાત્મનો લાભ ચોકસ મળશે. અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કરનાર પ્રત્યેક વ્યક્તિને જે પહેલો પાઠ ભણાવવામાં આવે છે. જે પહેલું શિક્ષણ આપવામાં આવે છે તે એ નથી આપવામાં આવતું કે કયો બીજમંત્ર લગાવું ? કઈ ચીજની માળા લઉ ? બેટા ! માળા કોઈ પણ ચીજની લઈ લે. બેટા, આ પાઠ પહેલો નથી. આ તો અગિયારમો પાઠ છે. મહારાજજી ! બીજમંત્ર લક્ષ્મીજીનો લગાવું કે હનુમાનજીનો લગાવું ? બેટા, તને મરજી પડે તેનો લગાવી દેજે, પણ આ પાઠ તેરમો છે. સૌથી પહેલાં પહેલો પાઠ ભણ. ના સાહેબ ! પહેલો પાઠ ભણવાની કોઈ જરૂર નથી. મને તો ફિજિક્સ ભણાવો, કેમિસ્ટ્રી ભણાવો. બેટા, એ પણ ભણાવીશ, પણ હજી તો તને કક્કો પણ આવડતો નથી. ગણતરી કરતાં પણ આવડતું નથી. તો પછી કુંડલિની જગાવી દો, ચક્રવેધન કરી દો અને ફલાણું કરી દો, ઢીંકણું કરી દો એવી વાતો મોં-માથા વિનાની છે. કુંડલિની જાગરણથી નીચે તો કોઈ વાત કરવા જ નથી માગતું. ચક્રવેધનથી ઓછી તો કોઈ વાત સાંભળવા પણ નથી માગતું. આત્મસાક્ષાત્કારથી ઓછી તો કોઈની ફરમાયશ જ નથી હતો. ભગવાનને જોયા વિના તો કોઈને ચેન જ નથી પડતું. જાણે ભગવાન કોઈના નોકર છે.

## માળા કે મશીનગન ?

હે ભગવાન ! ચાલો, મને દર્શન આપો. હા, લો સાહેબ ! કરો દર્શન. તું ભગવાનને એવો સમજે છે ? ના મહારાજજી ! આપ બોલાવી દો. બેટા, મારામાં તો એ તાકાત નથી. તારામાં તાકાત હોય તો બોલાવી લે હનુમાનજીને. મારા કહેવાથી તો કોઈ એકાદ મિત્રએ ભગવાનને બોલાવ્યા, તો પણ તેઓ ન આવ્યા. તારા કહેવાથી તેઓ આવી  શકતા હોય તો ભલે બોલાવી લે, પછી હું પણ બોલાવી લઈશ.

ના સાહેબ ! તેઓ સપનામાં આવી જશે અને દર્શન આપી જશે. કઈ કિંમતે તને દર્શન આપી જશે ? સાહેબ ! હું માળા ફેરવું છું. બેટા ! તું તારી માળાને શું સમજે છે - બધાને મારી નાંખીશ. કોને મારી નાંખીશ ? હનુમાનજીને મારી નાંખીશ, સંતોષી માતાને મારી નાંખીશ અને તેમની લાશને લઈ આવીશ અને  તેનાથી મજા કરીશ. આવું કેવી રીતે થઈ શકે ? લઈ જા તું તારી માળાને.

### દુર્ગુણોને દૂર કર્યા પછી શિક્ષણ શરૂ થશે

મિત્રો ! માળા મુખ્ય નથી હોતી. જયાંથી આધ્યાત્મિકતાની શરૂઆત થાય છે ત્યાંથી આપ ભણવાનું શરૂ કરો. આપ પોતાને મુલાયમ  બનાવવાની કોશિશ કરો. મુલાયમ કરવાથી બેટા, શું થઈ શકે છે ? આપે આપના મોંમાં ઘાસ ભરી રાખ્યું છે તેને દૂર કરો, જેથી આપને દૂધ પીવાની તક મળે. આપ આપની વાસનાઓ અને  તૃષ્ણાઓને દૂર કરો. નબળાઈઓને દૂર કરો, જેથી જે સ્થાન ખાલી થાય તેમાં શ્રેષ્ઠતાનો સમાવેશ થઈ શકે. ના સાહેબ ! અમે અમારા પાપને દૂર કરવા માગતા નથી અને અમારા દોષદુર્ગુણોને દૂર કરવા માગતા નથી. હવે અમે ભક્તિનું વરદાન મેળવવા માગીએ છીએ અને ભગવાનના આશીર્વાદ પામવા  માગીએ છીએ. હવે સિદ્ધિનો ચમત્કાર જોવા માગીએ છીએ. જો એવું થઈ શકતું હોય, તો બેટા, મને બતાવજે. મને તો ખબર નથી. મેં તો મારી પોતાની એટલી ધોલાઈ કરી છે કે જેમ ધોબી સખ્તાઈથી કપડાંની ધોલાઈ કરે છે. ધોબી તેને ભઠ્ઠી પર ચડાવે છે, ગરમ કરે છે, પછી ઘાટ પર લઈ જાય છે અને શું કરે છે ? તેને પથ્થર પર પછાડી પછાડીને ધુએ છે અને તેનો બધો જ મેલ કાઢી નાંખે છે. મેં તો ધોબીની જેમ મારી મલિનતાઓનું નિવારણ કરવા માટે મારી સાથે સખ્તાઈ કરી છે. આપને આનાથી સસ્તી કોઈ રીત યાદ આવે તો શોધજો.

### મેં પીંજારાની જેમ જાતની પીંજી છે.

બેટા ! મેં તો મારી જાતને પીંજારાની જેમ પીંજી છે. જરાક રૂને જ્યારે પીંજવામાં આવે છે ત્યારે તે ફૂલીફૂલીને આટલું બધું મોટું થઈ જાય છે. રાજસ્થાન પાશેર રૂની રજાઈ માટે પ્રખ્યાત છે. ઈન્દિરા ગાંધી જ્યારે ભરતપુર ગયાં હતા. તો તેમને અડધા શેર રૂની રજાઈ ભેટ આપવામાં આવી હતી.

અડધા શેર રૂથી આખેઆખી રજાઈની ખોળ ભરી દેવામાં આવી હતી અને ભરાઈ ગયા પછી તેમને વિશ્વાસ અપાવવામાં આવ્યો હતો કે જો આપ ઠંડીના દિવસોમાં આ રજાઈ ઓઢીને સૂઈ જશો, તો આપની ઠંડી દૂર થઈ જશે. અડધા શેર રૂની રજાઈ કેવી રીતે બની શકે ? અમારી ખોળમાં બે કિલો રૂ ભરાય છે, અઢી કિલો રૂ ભરાય છે. હા બેટા ! પીંજયા વિનાનું અઢી કિલો પણ ઓછું છે, પાંચ કિલો નાંખવું જોઇએ, પરંતુ રૂ સારી રીતે પીંજેલું હોય, તો અડધા શેરની રજાઈ પણ પૂરતી છે. બેટા, મેં મારી જાતની પીંજી છે અને મારી જાતને ધોઈ છે. પીંજયા પછી મારો ફેલાવો થતો ગયો. વિસ્તાર થતો ગયો. બેટા, મારું કપડું એટલું સાફ થતું ગયું કે જાણે ટિનોપાલમાં બોળ્યું ન હોય ! હું ચકાચક કપડાં પહેરીને આવું છું. હું એવો દેખા. છું કે જાણે કોઈ નેતા હોય, કોઈ મિનિસ્ટર હોય. હું બહુ ઉંચા કપડાં પહેરીને આવું છું. બેટા ! ધોયેલી ખોળ ઓઢીને આવું છું.

### ભાવનાત્મક સફાઈ

મિત્રો ! ધોલાઈ તરફ ધ્યાન આપો. આપ ધોલાઈ તરફ ધ્યાન આપવા માગતા નથી. આપ શરૂઆત કરવા માગતા નથી. ભણવા માગતા નથી એવું કેવી રીતે ચાલી શકે ? મિત્રો ! આપને જે પહેલા પાઠનું શિક્ષણ આપવામાં આવ્યું, જેમાં પાંચ ક્રિયાના હિસાબે ષટ્કર્મ કહીએ છીએ એમાં પાંચ ક્રિયાઓ પંચમુખી ગાયત્રીની અને એક ક્રિયા જે પ્રખ્યાત છે તેને આપણે પૃથ્વી પૂજનના નામે ઓળખીએ છીએ. પાંચ ક્રિયાઓ કઈ કઈ છે, તેને આપ જરા સમજવાનો પ્રયત્ન કરો. પહેલું કૃત્ય જે હું આપને ગાયત્રી ઉપાસના કરતાં પહેલાં શીખવું છું, આત્મશોધનની પ્રક્રિયા અંતર્ગત કરાવું છું, તે છે. પવિત્રીકરણ. ડાબા હાથમાં જળ રાખ્યું અને બીજા હાથે ઢાંક્યું - 'ૐ અપવિત્રઃ પવિત્રોવાઃ......' નો મંત્ર બોલ્યા. જો આ મંત્ર આવડતો ન હોય, તો ગાયત્રી મંત્ર બોલી લો. કોઈ ફરક પડતો નથી. મંત્ર બોલીને આપ એ જળને આપની ઉપર છાંટી દો. પાણી છાંટવાથી શું થઈ જશે ? આ કયા કામ માટે છાંટવામાં આવ્યું હતું તે મેં બતાવ્યું નહોતું ? હા મહારાજજી ! પણ આ પાણીથી શું થશે ? એક ડોલ પાણીથી તો હું દરરોજ સ્નાન કરી લઉં છું અને આપ તો જરાક જળ હથેળીમાં લેવા માટે કહો છો. એમાં હું શું પવિત્ર થઈ જઈશ ?

પવિત્ર થવું હશે તો બે ડોલથી નહાઈશ, સાબુથી નહાઈશ. હા બેટા ! તેનાથી વધુ સફાઈ થઈ શકે છે, પણ આનાથી કેવી સફાઈ થઈ શકે છે ? આ ભાવનાત્મક સફાઈ છે, આ સફાઈ જરૂરી છે.

### મશ્કરી ન કરો

મિત્રો ! આખેઆખું અધ્યાત્મ વાસ્તવમાં ભાવનાનો ખેલ છે, બીજું કંઈ નથી. આમાં કર્મકાંડોની કિંમત તો સોયની અણી જેટલી છે અને આમાં જે શક્તિ અને સામર્થ્ય ભરેલું છે તે ચિંતન પર ટકેલું છે, આસ્થાઓ ઉપર ટકેલું છે, વિચારણાઓ ઉપર ટકેલું છે. જો આપની પાસે વિચારણા નથી, આસ્થા નથી, માન્યતાઓ નથી, શ્રદ્ધા નથી, તો સમજવું જોઇએ કે આપ ફકત રમકડા રમી રહ્યા છો અને મશ્કરી કરી રહ્યા છો. કોની કરી રહ્યા છો ? એ પવિત્રતાની. એક ટીપું પાણી માથા પર છાંટી લીધું અને થઈ ગયા પવિત્ર. મને એક ઘટના યાદ આવી ગઈ - કુંભમેળાનું 'માર્જન સ્નાન'. એક બહુ મોટા નેતા હતા, નામ તો હું નહિ આપું. એ કુંભમેળામાં ગયા.

ચાલો સાહેબ ! આજે કુંભનું સ્નાન છે. બધા લોકો નહાઈએ. નેતાજીએ પેન્ટ પહેર્યુ હતું. બોલ્યા કે હું તો નહિ નહાઈ શકું. તેનો કિનારે બેઠા હતા. પંડાને મજાક સૂઝી અને તેણે કહ્યું કે આપ એવું કરો કે માર્જન સ્નાન કરી લો. માર્જન સ્નાન શું હોય છે ? આ આપના શરીર પર છાંટા નાંખી દો. એનાથી શું થઈ જશે ? તેનાથી આપને કુંભના દિવસે ગંગાજીમાં સ્થાનનું પુણ્ય મળી જશે. આ વાત સાથે નેતાજી સંમત થઈ ગયા. પંડાએ ગંગાજળ લાવી આપ્યું અને એમણે એવું જ કર્યુ. થઈ ગયું સ્નાન. હા સાહેબ ! થઈ ગયું.

જો આપ પણ એવું સ્નાન કરતા હો, એવું જ પવિત્રીકરણ કરતા હો, પવિત્રીકરણની એવી જ મશ્કરી કરતા હો, તો આપની મરજી, પરંતુ જો વાસ્તવમાં આપ સ્નાન કરવા ઇચ્છતા હો, તો આપે ઊંડાણમાં પ્રવેશ કરવો પડશે અને એ વિચાર કરવો પડશે કે મારી ઉપર પવિત્રતાની વર્ષા  કરતા હતા, તેવી રીતે આ વાદળમાંથી, આ  અનંત આકાશમાંથી એવી વર્ષા થઈ રહી છે, એવું વાદળ વરસી રહ્યું છે, જે મને સૂક્ષ્મ અને પવિત્ર કરતું જાય છે. પવિત્રીકરણ કરતી વખતે આ અનુભવ કરો.

## પવિત્રતાની - દેવત્વની વર્ષા

મિત્રો ! હું આપને બીજું ઉદાહરણ બતાવી શકું છું. ગરમીના દિવસોમાં રસ્તા પર માટી પડેલી હોય છે. ધૂળ પડેલી હોય છે ? હા સાહેબ ! ધૂળ ઉડીઉડીને આંખોમાં આવી જાય છે. મ્યુનિસિપલ કૉર્પોરેશનની ગાડી જ્યારે આવે છે તો બધી ધૂળને દબાવતી, પાણી છાંટતી ચાલી જાય છે. જ્યારે ગાડી ચાલી જાય છે ત્યારે બધી જગ્યાએ રસ્તો ઠંડો  થઈ જાય છે અને તરવરાટ આવી જાય છે.  આ ધૂળ-ઢેખાળાવાળા રસ્તા પર જ્યારે પાણી ભરેલી ગાડી આવે છે ? કઈ ગાડી ? " ૐ અપવિત્રઃ પવિત્રોવાઃ..." ની જળધારા છાંટતી ચાલી જાય છે અને ધૂળને દબાવતી, ઢેખાળાને પલાળતી ચાલી જાય છે અને ઠંડક આપતી જાય છે.

જ્યારે વરસાદ આવે છે ત્યારે શું થાય છે ? બેટા ! હરિયાળી ઉત્પન્ન થાય છે. આ જળ જે આપે આપના ડાબા હાની હથેળીમાં રાખ્યું હતું તેને આપણે આપણી ઉપર છાંટીએ છીએ. આમ કરતી વખતે ધ્યાનમગ્ન થઈ જાઓ કે અમારી ઉપર પવિત્રતાની વર્ષા થઈ રહી છે, દેવત્વની વર્ષા થઈ રહી છે, જે અમારા શારીરિક દોષો અને માનસિક પાપોને ધોઈ રહી છે.

બેટા ! આ જ છે ગંગાસ્નાન. બીજું શું છે ? ગંગામાં પાણી છે. ગગા અને યમુનાના પાણીમાં કોઈ ફરક નથી. અચ્છા, એમ વાત છે, તો મને કહેવા દો. હજી ગયા મહિને અખબારમાં આવ્યું હતું કે અલ્હાબાદની ત્રિવેણિનું જળ લૅબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. તેમાં હજારો જીવાણુંઓ જોવા મળ્યા અને એવું જાહેર કરવામાં આવ્યું કે ત્રિવેણિનું પાણી પીવું ન જોઇએ. જે કાચું પાણી પીશે તે મરી જશે. એટલા માટે તેને ફિલ્ટર કરીને પીવું જોઇએ અને ઉકાળીને પીવું જોઇએ.

## ગંગાજળથી લાભ ક્યારે ?

મિત્રો ! ગંગાજીના જળમાં ફરક એ છે કે જે વખતે આપણી માન્યતાઓ અને આપણી ભાવનાઓ એમ માનીને ચાલે છે કે આ દિવ્યજળમાં, પવિત્ર જળમાં વિષ્ણુનો વાસ છે અને શિવજીની જટાઓનો આધાર છે.

સ્વંગલોકમાંથી અવતરેલી દેવી ભાગીરથી અમને શુદ્ધ તથા પવિત્ર કરી રહી છે. વાસ્તવમાં એ ગંગાજી જેટલું જ પવિત્ર છે. જો આપ એમ માની લો કે આપને ગંગાજીમાં માછલી પકડવાનો ઇજારો એકાવન હજાર રૂપિયામાં મળી જાય, તો આપ દરરોજ ગંગાજીમાંથી કેટલી માછલી પકડશો ? આજે કેટલી પકડી ? આજે સાહેબ, ચાલીસ મણ પકડાઈ. બીજા દિવસે અઢાર મણ પકડાઈ. અને શું કરો છો ? સાહેબ ! ગંગાજળમાં સ્નાન કરતા રહીએ છીએ, ગંગાજળ પીતા રહીએ છીએ અને માછલી પકડતા રહીએ છીએ. અમે તો ગંગાજીમાં જીવીએ છીએ. સારું, તો આપને ફાયદો થઈ શકે છે ? મારા ખ્યાલથી આપને ગંગાજળથી કોઈ ફાયદો થઈ શકતો નથી. તેનાથી આપને કોઈ મુક્તિ મળી શકતી નથી. ક્યારે ? જ્યારે પાણીનો જ ખ્યાલ હોય ત્યારે, પરંતુ જો આપની ભાવના એ હોય કે ગંગાજીથી મુક્તિ મળશે, તો બેટા, આપને એ જ લાભ મળશે, જે જગન્નાથ મિશ્રને મળ્યો હતો.

### જગન્નાથ મિશ્રની ગંગાસાધના

સાથીઓ ! જગન્નાથ મિશ્રના મનમાં આવ્યું હતું કે હું માની ગોદમાં પ્રવેશ કરતો જાઉં છું. દિવ્યતાની દેવી, માતૃત્વની દેવીની ગોદમાં હું પ્રવેશ કરતો જાઉં છું. તેઓ ગંગાલહરીના બાવન શ્લોકોમાંથી એકએક શ્લોક બોલતા બોલતા એકએક ડગલું અગળ વધારતા ગંગાજીમાં ચાલ્યા ગયા અને તેમાં વહી થઈ ગયા હતા. સ્વામી રામતીર્થ પણ ટિહરીમાં મા ગંગાની ગોદમાં સમાઈ જવા માટે વ્યાકુળ થઈ ગયા હતા. તેમણે કિનારા પર પોતાના કપડાં મૂકી દીધાં હતા અને મા તારી ગોદમાં રહીશ અને તારી જેમ જ વહીશ, તારી જેમ જ ચાલીશ. તારો ઉદ્દેશ્ય હિમાલયથી નીકળીને કોઈ પણ પ્રકારની ચિંતા કર્યા વિના પોતાના શુદ્ધતા અને પ્રવિત્રતાથી અસંખ્યનો ઉત્કર્ષા કરતાં કરતાં સમુદ્રમાં સમાઈ જવાનો છે. મા હું પણ તારી સાથે ચાલીશ. રામતીર્થજી ગંગાજીમાં વહી ગયા હતા અને જગન્નાથ મિશ્ર પણ વહી ગયા હતા. તેમનું મન કેવી ભાવનાઓ સાથે ઊછળી રહ્યું હતું? તેમણે ગાયું-

સમુદ્ર સૌભાગ્ય સકલવસુધાયાઃ કિમપિ તનૂ મહેશ્વર્ય લીલાજનિતજગતઃ ખણ્ડપરશોઃ ।
શ્રૃતીનાં સર્વસ્વ સુકૃતમથ મૂર્ત સુમનસાં, સુધા સૌંદર્ય તે સલિલમશિવં ન શમયતુ ॥

આવી રીતે ગાતાં ગાતાં જગન્નાથ મિશ્ર ભાવવિભોર થઈને મા ગંગાજીમાં ચાલ્યા ગયા. એમનો ઉદ્ધાર થયો હશે ? હા બેટા, મને વિશ્વાસ છે કે જરૂર થયો હશે. ગંગાજીના સ્નાનનું જે ફળ મળવું જોઇએ તે જરૂર મળ્યું હશે. તેમનો આત્મા શુદ્ધ અને પવિત્ર જરૂર થઈ ગયો હશે. પાણીના કારણે નહિ, પરંતુ પાણીની સાથે સાથે તેમણે પોતાના હૃદયની ભાવનાઓનો જે સમાવેશ કર્યો હતો તેના કારણે ઉદ્ધાર જરૂર થયો હશે. બેટા ! પાણીમાં કોઈ તાકાત નથી. ના સાહેબ ! ગંગાજળમાં શક્તિ છે. ના, કોઈ શક્તિ નથી. ગંગાજળ અને યમુના જળમાં શું ફરક પડે છે ? પાણી બધું એકસરખું છે.

### શક્તિ નિષ્ઠામાં, વિશ્વાસમાં છે.

મિત્રો ! જે કંઈ પણ શક્તિ કે સામર્થ્ય છે તે કલેવરમાં કે કર્મકાંડોમાં નથી, એ નિષ્ઠામાં છે, વિશ્વાસમાં છે, જે ફકત આપણા શરીરનું જ શોધન નથી કરતું, પરંતુ આપણા જીવાત્માનું પણ શોધન કરે છે. તે ફકત આપણાં કર્મોનું જ શોધન નથી કરતું, પરંતુ આપણા વિચારોનું પણ શોધન કરે છે અને આપણા આત્માની આસ્થાઓનું શોધન કરે છે. પછી હું આપને એમ કહી શકું છું કે કળશમાં બધા જ દેવતાઓનું આપણે જે આવાહન કરીએ છીએ તેઓ આવે છે. "કલશસ્ય મુખે વિષ્ણુઃ કણ્ઠે રુદ્ર સમાશ્રિતાઃ.." અર્થાત્ કળશમાં બ્રહ્માજી બેઠા છે, રુદ્રજી બેઠા છે, ગણેશજી બેઠા છે.

બધા દેવતા આ પાણીમાં ફરી રહ્યા છે. તેનાથી આપ નહાઓ તો આપને ચોકસ ફળ મળશે. ના સાહેબ ! કળશનું પાણી બહુ કામતી છે. ના બેટા ! કોઈ કિંમત નથી. જેવું બીજું પાણી છે એવું જ કળશનું પાણી છે. આ બધો ભાવનાઓનો ખેલ છે. આપ સમજતા કેમ નથી ? ના સાહેબ ! કર્મકાંડોનો ખેલ છે. ના બેટા ! કર્મકાંડોનો ખેલ નથી, આ ભાવનાઓનો ખેલ છે.

ભાવનાઓની સાથે સાથે જો આપે પવિત્રીકરણ કર્યું હોય કે આનાથી અમારું વ્યક્તિત્વ અને અમારી આસ્થાઓ શુદ્ધ અને પવિત્ર બની રહી છે, તો હું આપને કહી શકું છું કે આપે ગાયત્રી ઉપાસનાનું પહેલું કૃત્ય, આત્મશોધનનું પહેલું ચરણ પૂરું કરી દીધું છે અને આપ આપનો ઉદ્દેશ્ય જાણી ગયા છો.

## અંતર્જગતનું સ્નાન છે આચમન

બીજો ઉદ્દેશ્ય કયો છે ? આચમન છે. કેટલાં આચમન કરવા પડે છે ? ત્રણ આચમન કરવા પડે છે - "ॐ અમૃતોપસ્તરણમસિ સ્વાહા | , ॐ અમૃતાપિધાનમસિ સ્વાહા | ॐ સત્યં યશઃ શ્રીમીયે શ્રીઃ શ્રયતાં સ્વાહા | " ત્રણ વાર આચમનથી ત્રણેય શરીરોને સ્નાન કરાવવું પડે છે. એકને સ્નાન કરાવવાથી કામ ચાલતું નથી. ગાયત્રીના જપ કરતાં પહેલાં આપણે સ્નાન કરવું જોઇએ. આપ બીમાર હોય અને સ્નાન ન કર્યું હોય, તો આપ એવું કરી લો કે ભીનો ટુવાલ લઈને આપ આપનું શરીર લૂછી શકો છો. ધર્મના પ્રત્યેક કર્મકાંડમાં સ્નાન આવશ્યક છે. ખાસ કરીને ગાયત્રી અનુષ્ઠાનમાં સ્નાન કરીને બેસો. સ્નાન વગર ભૂલ માનવામાં આવશે.

આપણે કોનું સ્નાન કરાવીએ છીએ ? ત્રણનું સ્નાન કરાવીએ છીએ, જે આપણી અંદર નિવાસ કરે છે. કોણ કોણ નિવાસ કરે છે ? શરીર નહિ, ચામડી નહિ. ચામડીને તો આપ સ્નાન કરાવી દો છો. એનાથી કોઈ કામ બનવાનું નથી. ચામડીને સ્નાન કરાવી લીધું, નહાઈ લીધું. ના બેટા ! આ નહાવાનું પૂરતું નથી. આનાથી આધ્યાત્મિકતાની આવશ્યકતા પૂરી થઈ નથી.

બેટા ! તેં પેટમાં સ્નાન કરી લીધું ? ના મહારાજજી ! પેટમાં તો મળ ભરેલો છે, પેશાબ ભરેલો છે. સારું, તો તું એમને કાઢી શકતો નથી, પણ એ બતાવી દે કે જે રામનામનું ગાન કરીશ, ગાયત્રી મંત્ર બોલીશ તે શેનાથી બોલીશ ? સાહેબ , જીભથી બોલીશ, જીભ શેની છે ? ચામડીની. સારું, એમાં માંસ તો નથી ? હા, પંડિતજી. માંસ તો છે જ. તો આ જીભને કાપી નાંખ ને પછી પ્લાસ્ટિકની જીભ લગાવી દે.

હા બેટા ! ગંદી જીભથી શું ભજન થઈ શકે છે ? અને સ્નાન કરાવ. કોગળા કરી લઉં ? હા બેટા , કોગળા કરી લે. એનાથી એમાં જેટલું માંસ છે, ચામડું છે, તે બધું નીકળીને અલગ થઈ જશે અને એકલી જીભ રહી જશે. મહારાજજી ! એવું કેવી રીતે થઈ શકે ? આ જીભ તો ચામડાની જ રહેશે.

## કોનું સ્થાન કરાવીએ ?

બેટા ! તો પછી એક કામ કર, તારા મોંમાં આ જે સફેદ ભાગ દેખાઈ રહ્યો છે એ શું છે ? એ હાડકાં છે. અરે ! રામ રામ ! હાડકાંથી ગાયત્રી મંત્ર ? અરે ! બેટા ! એ તો રુદ્રાક્ષથી જપવામાં આવે છે, હાડકાંથી નહિ. એમની ઉખાડી નાખ. ડૉક્ટર પાસે જજે અને એમ કહેજે કે સાહેબ, મારા દાંત ઉખાડી દો. પછી શું કહું ? પછી કહેજે કે સાહેબ, આની જગ્યાએ પ્લાસ્ટિકના દાંત લગાવી દો. નીચેની ઉપર સુધી પ્લાસ્ટિકના દાંત લગાવડાવી દે અને જીભ માટે એવો ઉપાય કર કે આ જીભ તો ખરાબ છે. એનાથી તો જપ થઈ શકે નહિ, ગાયત્રી માતા અશુદ્ધ થઈ જાય. મહારાજજી ! પછી શેની જીભ લાવું ? પ્લાસ્ટિકની. સારું, ગુરુજી ! પ્લાસ્ટિકની જીભ અને દાંત લગાવી લઉં, તો પછી હું મંત્ર કેવી બોલું ? બેટા, આ તારી મરજીની વાત છે. સ્નાન કરવા માગતો હોય, તો આનાથી ઓછામાં થઈ શકતું નથી. ચામડીના સ્નાનથી કોઈ કામ થઈ શકે છે ? ના. વાસ્તવમાં જે ગંદું હોય એને સ્નાન કરાવવું જોઇએ. શરીર તો ગંદું છે જ. એ શરૂઆતથી અંત સુધી ગંદું છે. એ તો ઉપર ઉપરથી સારું દેખાય છે. બગલ સૂંઘો. અરે મહારાજ ! એમાંથી તો બહુ વાંસ આવે છે. બેટા, એ દુર્ગંધનું જ ઘર છે. અને સ્નાન કરાવવાથી કોઈ કામ બની શકે છે ? હા બેટા ! એને સ્નાન તો કરાવવું જોઇએ, એનું ખંડન હું નથી કરતો, પણ હું એમ કહું છું કે જેનું સ્નાન કરાવવું જરૂરી છે, એ ધારાઓ ત્રણ છે.

## બહારની ચામડીને ન જુઓ

મહારાજજી ! એ કઈ કઈ ત્રણ ધારાઓ છે ? બેટા ! એ ત્રણ ધારાઓ એ છે, જે આપણી ચેતના સાથે સંબંધ રાવે છે. એમાંથી એક આપણી કર્મ સાથે સંબંધ ધરાવે છે, એક આપણા વિચાર સાથે અને એક આપણા ભાવ સાથે સંબંધ ધરાવે છે. આપણાં ત્રણ શરીર છે - એક સ્થૂળ શરીર, બીજું સૂક્ષ્મ શરીર અને ત્રીજું કારણ શરીર. સ્થૂળ શરીરનું જે આધ્યાત્મિક સ્વરૂપ છે તે છે આપણાં કર્મ. તેના ચહેરા કે બનાવટ પર ન જાઓ. એકવાર અષ્ટાવક્ર રાજા જનકની સભામાં ગયા. તેમના હાથપગ વળેલા હતા. તેઓ વાંકા વળીને ચાલી રહ્યા હતા. તેમને ખૂંધ નીકળેલી હતી.

તેમને જોઈને રાજાના બધા જ રાજકારભારીઓ હસવા લાગ્યા. તેમણે રાજાના રાજકારભારીઓ અને રાજાને કહ્યું કે કેમ રે રાજા, તેં તારી સભામાં બધા ચમારોની ભરતી કરી છે ? આ ચમાર થોડા છે ? આ તો બ્રાહ્મણો છે, ઠાકોર છે, વાણિયા છે. ના, બધા જ ચમાર છે. કેમ ? ચમાર કેવી રીતે થયા ? ચમાર એવી રીતે થયા કે આ બધા ફકત ચામડીને જ જોઈ શકે છે. ચામડીને જે જોઈ શકે છે, ચામડાનો જે વેપાર કરે છે. ચામડાનો જે ધંધો કરે છે, તેનું નામ તો ચમાર જ હોય ને ! તેમણે સારું જોવા લાયક જે જ્ઞાન છે એ જ્ઞાનને શા માટે ન જોયું ? ચામડું શા માટે જુએ છે ?

## શરીરનું મૂલ્યાંકન આધ્યાત્મિક આધાર પર

મિત્રો ! આ જે આપણું શરીર છે તેની બહારનું ચામડું અષ્ટાવક્ર જેવું છે. અષ્ટાવક્રનું ચામડું તૂટેલું હતું. આપણું માંસથી ભરેલું છે, ગંદકીથી ભરેલું છે અને મળથી ભરેલું છે. આ ચામડામાં છે શું ? અસલમાં આ ચામડાનું જે અધ્યાત્મ છે, સ્થૂળ શરીરનું જે અધ્યાત્મ છે, એનું નામ છે - કર્મ. આપ કુરૂપ છો કે ખૂબસૂરત છો, એનો નિર્ણય હું કરી શકતો નથી. આપની ચામડી ગોરી હોવાથી કે કાળી હોવાથી કોઈ ફરક પડતો નથી. મને નિર્ણય કરવા દો કે આપનાં કર્મ કેવા છે ? કર્મના આધારે હું આપના સ્થૂળ શરીર વિશે એ નિર્ણય કરીશ કે આપનો સ્તર શું છે ? આપની હેસિયત શું છે ? આપનું ગજું કેટલું છે ? સ્થૂળ શરીરનું વજન અને હેસિયત તેના કર્મોના આધારે ગણી શકાય છે. તેની હેસિયતને ચહેરાના આધારે નહિ, ખૂબસૂરતીના આધારે નહિ, યુવાનીના આધારે નહિ, યુવાનીના આધારે નહિ, રૂપરંગના આધારે નહિ, વાળના આધારે નહિ, કોઈ પણ આધાર પર આંકી શકાતી નથી. અસલમાં જો શરીરનું મૂલ્યાંકન કરવું હોય તો અધ્યાત્મના આધારે જ સ્થૂળ શરીરનું મૂલ્યાંકન કરી શકાય છે. એટલા મો કર્મની સફાઈ કરો.

## આપણા વિચાર સાચા હોય

મિત્રો ! કર્મની સફાઈ માટે આચમન નંબર એક અને વિચારોની સફાઈ માટે આચમન નંબર બે. કઈ વ્યક્તિ બી.એ. સુધી ભણી છે, કઈ એમ.એ. સુધી ભણી છે એની સાથે મારે કોઈ સંબંધ નથી.

આધ્યાત્મિકતાના હિસાબે હું કોઈ વ્યક્તિને બી.એ. પાસ કર્યું છે, એમ.એ. પાસ કર્યું છે એવું મહત્વ આપવા તૈયાર નથી. બેટા ! એની સાથે મારે કાંઈ લાગતું વળગતું નથી. આપનું એમ.એ. પાસ હોવું અને અભણ હોવું મારી આધ્યાત્મિકતાની પરિક્ષામાં એકસરખું છે. "ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય" અને "પંડિત મૂરખ એક સમાન" આધ્યાત્મિકતાની દૃષ્ટિએ જયાં સુધી માણસની વિચારવાની રીત ઉત્કૃષ્ટ અને આદર્શવાદી થઈ જતી નથી ત્યાં સુધી પંડિત અને મૂરખ એકસરખા છે.

### ભાવનાઓનું સ્નાન

મિત્રો ! આપણે આપણી વિચારણાઓનું અર્થાત્ સૂ૧મ શરીરનું પરિશોધન કરવું જોઇએ. આપણાં ત્રણ શરીર છે, પરંતુ ત્રણેય શરીર એવા નથી કે એક ઘોડાનું શરીર, એક કૂતરાનું શરીર અને એક વાંદરાનું શરીર હોય એવું નથી. ત્રણ શરીર આપણી અંદર છે. એક સૂક્ષ્મ શરીર આપણી અંદર છે. એ બીજા નંબરનું છે, જેનું સ્વરૂપ છે - વિચાર અને ચિંતન. વિચારોની સફાઈ, વિચારોનું સ્નાન, કર્મનું સ્થાન અને ભાવોનું સ્નાન. શ્રદ્ધા, નિષ્ઠા, આસ્થા, વિશ્વાસ, રુચિ અને બધી ચીજો ભાવનાઓ સાથે જોડાયેલી સંવેદનાઓ સાથે જોડાયેલી છે. ભાવનાઓ અને સંવેદનાઓનું સ્નાન -એક, વિચારણાનું સ્નાન- બે અને ક્રિયાઓનું સ્નાન - ત્રણ. આ ત્રણેયની સફાઈ કરવા માટે હું ધ્યાન આપું છું અને એ વિશ્વાસ ધરાવું છું કે આપણે આ ત્રણેયને સાફ કરવા પડશે. આપણે આ ત્રણેયને સ્વચ્છ બનાવીને જીવીશું. આ બે વાતો મેં આપને બતાવી દીધી - એક પવિત્રીકરણની વાત અને બીજી આચમનની વાત. આગળની વાત આવતી કાલે. આજની વાત સમાપ્ત. ૐ શાંતિ.

આધ્યાત્મિકતા અને આસ્તિકતા એક જ લક્ષ્યનાં બે પ્રયોજન છે. ઈશ્વરની દર્શનિક વ્યાખ્યા મનુષ્યના અંતઃકરણમાં રહેલી ઉત્કૃષ્ટતા તથા આદર્શવાદિતાના રૂપમાં જ કરી શકાય છે. કર્તવ્યપાલનમાં રુચિ અને દોષદુર્ગુણોમાંથી મૂકત થવાની પ્રેરણાને ઈશ્વરીય પ્રેરણા માની શકાય છે. પોતીકાપણાનો વિસ્તાર અને સત્પ્રવૃત્તિઓને વધારવામાં ભાવનાપૂર્વક યોગદાન આપવું તેને ઈશ્વરની કૃપા માની શકાય.

કરુણા અને ઉદારતાની ઉદ્ભાવનાઓ દ્વારા બીજા વધારે જરૂરિયાતવાળા લોકો માટે ત્યાગ અને બલિદાન કરવું તેને સાચી આસ્તિકતા માનવામાં આવી છે. ઈશ્વરનિષ્ઠા અને ભક્તિનું આ જ સાચું ફળ છે.

અધ્યાત્મશાસ્ત્રનો અર્થ એ છે કે દરેક વ્યક્તિએ પોતાના શારીરિક તથા માનસિક ખેતરમાં સદ્ગુણો, સત્કર્મો તથા ઉત્તમ સ્વભાવની ખેતી કરવી જોઇએ. સદભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓનો પાક પકવવો જોઇએ. માત્ર ધન જ સંપત્તિ નથી. સાચી કમાણી ખેતરો, કારખાનાંઓ વગેરેમાં નથી થતી, પરંતુ સાચી દોલત તો શરીર અને મનની અંદર પેદા કરી શકાય છે. પ્રતિભા, સમર્થતા અને ગૌરવને વધારવા માટે પણ ધન કમાવાની જેમ જ લગન અને તત્પરતાપૂર્વક  પ્રયત્ન કરવો જોઇએ. વ્યક્તિ અને સમાજને શ્રેષ્ઠ અને ઉન્નત બનાવવા માટે પ્રતિભાશાળી અને ઉચ્ચ ચરિત્રવાળા નાગરિકોની જરૂર પડે છે.

અધ્યાત્મ ભારતની સૌથી મોટી સંપત્તિ છે. તેને માનવતાની કરોડરજ્જુ કહેવામાં આવે છે. મનુષ્યના ભૌતિક તથા આધ્યાત્મિક ઉત્કર્ષનો એ જ એકમાત્ર આધાર છે. માનવજાતની અનેક સમસ્યાઓને હલ કરવા અને સુખશાંતિથી જીવવા માટે અધ્યાત્મ જ એકમાત્ર ઉપાય છે. એ જીવતત્ત્વની ઉપેક્ષા કરવાથી માણસ પતન અને વિનાશના માર્ગે જ આગળ વધે છે. દુખ, દારિદ્રય, શોક અને સંતાપ તેની ઉપેક્ષાના કારણે જ પેદા થાય છે અને માણસના ભવિષ્યને અંધકારમય બનાવે છે.

અધ્યાત્મ માનવ જીવનના શ્રેષ્ઠતમ સદ્ઉપયોગની એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તેને જીવન જીવવાની વિદ્યા પણ કહી શકાય છે. નાનાં નાનાં કાર્યોની પણ એક ચોકસ પદ્ધતિ હોય છે. એના પ્રમાણે ચાલવાથી સફળતા મળે છે. જો અસ્તવ્યસ્ત રીતે કામ કરવામાં આવે તો લાભના બદલે નુકસાન જ થશે. માનવજીવન ભગવાનનું સૌથી શ્રેષ્ઠ વરદાન છે. ભગવાનની પાસે જે કાંઈ શ્રેષ્ઠ વિભૂતિઓ છે તે બધી તેમણે મનુષ્યના શરીરમાં બીજરૂપે ભરી દીધી છે. આવા અમૂલ્ય યંત્રનો જો સદ્ઉપયોગ ન કરવામાં આવે તો તેને એક દુર્ભાગ્ય જ માનવું જોએ. માનવજીવન અત્યંત મહત્વપૂર્ણ અને મૂલ્યવાન છે.

તેનું વિજ્ઞાન અને વિધાન જાણ્યા વગર માનવ જીવનનો સાચો આનંદ કે શ્રેય મળતા નથી.

અધ્યાત્મશાસ્ત્રમાં તો પોતાના લાભ અને સુખની ઇચ્છાને બિલકુલ સ્થાન આપવામાં આવ્યું નથી. ભલે પછી તે લૌકિક હોય, અલૌકિક કે પારલૌકિક. તેમાં તો સંકીર્ણતામાંથી મહાનતા તરફ અને સીમિતમાંથી અસીમ તરફ ગતિ હોય છે. ઋષિ કહે છે, "મને રાજયની, સ્વર્ગની કે મોક્ષની કામના નથી. મને જો કોઈ ઇચ્છા હોય, તો તે દુખી લોકોની સેવા કરવાની તથા એમના દુખદર્દ દૂર કરવાની ઇચ્છા છે. "આપણું અધ્યાત્મશાસ્ત્ર કેટલું મહાન હતું કે જે સ્વર્ગ, મોક્ષ કે રાજયની સંપત્તિને ઠોકર મારતું હતું. એક આપણે જ એવા છીએ કે જે સંતાન, ધન,પદ, યશ તથા સ્વર્ગ મેળવવા માટે અધ્યાત્મવાદી બનવાનું નાટક કરીએ છીએ. વાસ્તવમાં જે આપણને આંતરિક તથા બાહ્ય, લૌકિક કે પારલૌકિક બધાં ક્ષેત્રોમાં વ્યક્તિવાદથી દૂર કરીને સમષ્ટિવાદ તરફ લઈ જાય, વ્યક્તિગત ચેતનામાંથી વિશ્વચેતના તરફ વાળી દે તેને જ અધ્યાત્મ કહે છે અને ત્યાંથી જ આપણી સામે સાધના શરૂ થાય છે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.